**એમ.એ.સી.પી.નં. :- 1203 / 2018**

**-::- આંક-૧ નીચે હુકમ ::-**

અરજદાર /અરજદારના વિ.વકીલ શ્રી તથા સામાવાળા/સામાવાળાના વિ.વકીલશ્રીએ હાજર થઈ આજરોજ ઈ-લોકઅદાલતમાં આંક **૧૨** થી સમાધાન રજૂ કરતાં તે સ્વૈચ્છિક, તેમના લખાવ્યા મુજબ અને પક્ષકારોને કબુલ મંજૂર હોવાનું સ્વીકારતા સદર સમાધાન નોંધવા હુકમ કરવામાં આવેલ છે તે સમાધાનને અનુરુપ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

(૧) હાલના કલેઈમ સંબંધે સામાવાળા નં.**(૩) ફ્યુચર જનરલ ઈન્સ્યોરન્સ કું.લી.** વાળાએ અરજદારને અરજી સંબંધે કુલ એન્ડ ફાઈનલ સેટલમેન્ટ પેટે વળતરના **૪,૩૦,૦૦૦. રુપિયા (અંકે રુપિયા ચાર લાખ ત્રીસ હજાર પુરા)** ચૂકવવા જવાબદારી સ્વીકારેલ છે અને અરજદારે સદર સેટલમેન્ટવાળી રકમ સુધી પોતાનો કલેઈમ મર્યાદિત કરી સ્વીકારેલ છે અને અરજદારે બાકીના સામાવાળાઓને કલેઈમની જવાબદારીમાંથી મુકત ગણવા કબુલ રાખેલ છે.

(૨) જવાબદારી સ્વીકારનાર સામાવાળાએ સમાધાન મુજબની રકમ આજથી ત્રણ માસમાં અરજદારને ચૂકવવી કે ટ્રીબ્યુનલમાં જમા કરાવવાની રહેશે, તેમાં નિષ્ફળ ગયેથી સમાધાનની તારીખથી દર વર્ષે ૯ ટકાના દરથી સાદું વ્યાજ અરજદારને ચૂકવવાનું રહેશે.

(૩) વળતર અરજીનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવાનું રહેશે.
મળવાપાત્ર કોર્ટ ફી રીફંડ સર્ટીફીકેટ અરજદારના નામનું કાઢવું.
ઉપરોકત વિગતે હુકમનામુ દોરવું.

હુકમ આજરોજ ઈ-લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૮ /૧૨/૨૦૧૮.
અમદાવાદ.

મોટર એકસીડેન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ મુખ્ય
મીરઝાપુર, અમદાવાદ (ગ્રામ્ય).